વિભાગ હસ્તકની ક્ષેત્રિય કચેરીઓની
કામગીરી અને આવશ્યકતાને ધ્યાને રાખી
માળખાકીય પુનઃગઠન કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક : TDD/MIS/e-file/25/2025/1040/KH
આદિજાતિ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૧/૦૪/૨૦૨૫

**વંચાણે લીધા-:**

(૧) Education and Labour Department, Resolution No.TAP.1076/14146-R, Dt: 17/04/1976

(૨) Labour, Social Welfare and Tribal development Department, Resolution No. TAP-1076/19283/R1, Dt: 17/11/1976

(૩) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, ઠરાવ ન. ટીએએસ-૧૦૭ ૬ન્યુક્લીઅસ/૪૬/૧૯-૫, તા.૨૬/૧૦/૧૯૭૭

(૪) આદિજાતિ વિકાસ વિભાગના તા.30/૦૭/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:મકમ/૨૦૧૪/૪૬૪/ખ

(૫) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડરની ૨૦૨૪-33ની મંજૂરી

(૬) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગરનો તા.૧૭/૧૨/૨૦૨૪ નો પત્ર ક્રમાંક:DOTD/0217/12/2024.

**પ્રસ્તાવના-:**

ભારતના બંધારણના અનુચ્છેદ-૪૬માં સમાજની મુખ્યધારાથી વંચિત રહી ગયેલ નબળા વર્ગો ખાસ આદિજાતિ સમાજના શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે અને તેઓની વિશેષ કાળજી રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું છે. ગુજરાત સરકાર પણ "આદિજાતિનો વિકાસ ગુજરાતનો મક્કમ નિર્ધાર" એ હેતુને પરિપૂર્ણ કરવા પ્રયત્નશીલ છે. આમ, અનુસૂચિત જનજાતિના શૈક્ષણિક વિકાસ, આરોગ્ય ઉત્થાન, સામાજિક વિકાસ તેમજ તેઓ સામેના અત્યાચાર સામે રક્ષણ માટે વિવિધ યોજનાઓનું અમલીકરણ સ્થાનિક વિસ્તારોમાં કરવા તેમજ વ્યુહાત્મક યોજનાઓ થકી તેઓને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવા પૂરતા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

ટ્રાયબલ એરીયા સબ પ્લાન (TASP) અંતર્ગત પ્રાયોજના વહીવટદાર માટે વહીવટી માળખાની ગઠનની પ્રક્રિયા વંચાણે લીધેલ ક્રમ (૧)ના ઠરાવથી કરવામાં આવી હતી. તે સમયે ટ્રાઇબલ એરીયા સબ પ્લાન હેઠળ ૭ જિલ્લાઓમાં ૩૨ તાલુકાઓને જુદા-જુદા ૮ પ્રોજેક્ટ એરિયામાં (ડાંગ સહિત) વિભાજિત કરવામાં આવ્યા હતાં અને તે અંતર્ગત આ યોજનાઓના અમલીકરણ માટે પ્રાયોજના વહીવટદારશ્રીઓને પોતાના વિસ્તારો પૂરતી જવાબદારી સુપ્રત કરવામાં આવી હતી. જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને પ્રાયોજના વહીવટદારશ્રીઓને જરૂરી મદદ માટેની જવાબદારીઓ પણ સુપ્રત કરવામાં આવી હતી.

આદિજાતિ સમાજ સામેના વિવિધ પડકારો/પ્રશ્નોના સમયાંતરે ઉકેલ માટે ટ્રાયબલ એરીયા સબ પ્લાન (TASP) અમલીકરણ સંબંધી કામગીરી પ્રાયોજના વહીવટદારશ્રી હસ્તક રાખવામાં આવી છે અને તેનું સંપૂર્ણ મોનિટરિંગ વિભાગ દ્વારા કરવામાં આવે છે. શિક્ષણ, આરોગ્ય, રોજગાર, કૃષિ જેવા ક્ષેત્રમાં વિકાસલક્ષી કાર્યક્રમ જાળવી, આવી યોજના હેઠળ થતો ખર્ચ વિવિધ વિભાગોમાં વહેંચવામાં આવે છે અને આ યોજનાઓનો વ્યાપ વખતો વખત વધતો રહ્યો છે.

હાલમાં રાજ્ય સરકાર પણ મક્કમ નિર્ધાર સાથે આદિજાતિ સમાજને સંપૂર્ણ લાભ મળે તે માટે કર્મચારી વ્યવસ્થાપન અને જાહેર સેવાઓમાં સુધારો લાવવા પ્રયત્નશીલ રહી છે.

આદિજાતિ વિકાસ હેઠળની યોજનાઓને ચાર મુખ્ય વિભાગોમાં વહેંચી શકાય છે.

(૧) શિક્ષણ

(૨) આર્થિક ઉત્કર્ષ

(૩) આરોગ્ય, ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ

(૪) નિર્દેશ અને વહીવટ

રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આ પ્રવૃત્તિઓનું સુચારૂ રૂપે અમલીકરણ વિભાગ હસ્તકની ક્ષેત્રીય કચેરીઓ મારફત કરવામાં આવે છે અને તે માટે વિભાગ હસ્તક હાલની સ્થિતિએ જિલ્લા કક્ષાએ નીચે મુજબની કચેરીઓ કાર્યરત છે.

(૧) ૧૪ (ચૌદ) પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીઓ

(૨) ૧૭ (સત્તર) મદદનીશ કમિશનર (તકેદારી)ની કચેરીઓ

(૩) ૧૦ આદિજાતિ વિકાસ અધિકારી (આશ્રમશાળા)ની કચેરીઓ

(૪) પ્રાયોજના અધિકારીની કચેરી, તાલાલા, જિ. ગીર સોમનાથ

(૫) આદિજાતિ વિકાસ અધિકારી (આદિમજૂથ)ની કચેરી, બગોદરા, અમદાવાદ

(૬) આદિજાતિ વિકાસ અધિકારીની કચેરી, આહવા ડાંગ તેમજ

(૭) આદિજાતિ વિકાસ અધિકારીની કચેરી, ભુજ, કચ્છ કચેરી

(૮) વિભાગીય વિશ્લેષણ સમિતિ, ગાંધીનગર–૧

(૯) વિભાગીય વિશ્લેષણ સમિતિ, ગાંધીનગર–૨

(૧૦) વિભાગીય વિશ્લેષણ સમિતિ, વડોદરા

(૧૧) વિભાગીય વિશ્લેષણ સમિતિ, સુરત

ઓક્ટોબર–૨૦૨૪માં યોજાયેલ ચિંતન શિબિરમાં તેમજ સરકારમાં વિવિધ સ્તરે પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીની ભૂમિકા, જિલ્લા કચેરીઓ સાથે સુયોગ્ય સંકલન અને સરકારી યોજનાઓના અમલીકરણમાં ઉદભવતા પ્રશ્નોના નિરાકરણ માટે આ ક્ષેત્રિય કચેરીઓના વહીવટી માળખાના પુન:ગઠન માટે પણ સુદીર્ઘ વિચારણા થઈ હતી.

**ઠરાવ :**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ક્ષેત્રીય કચેરીઓ દ્વારા હાથ ધરવામાં આવતી યોજનાઓને ગતિ મળે, ડુપ્લીકેશન નિવારી શકાય, ઝડપી અમલવારી થાય તેમજ શૈક્ષણિક યોજનાઓને વધુ સુદ્રઢ બનાવી શકાય તે હેતુથી આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની કચેરીઓનું નીચે મુજબનું માળખાકીય પુનઃગઠન કરવાનું ઠરાવવામાં આવે છે.

એક જ જિલ્લાની અલગ–અલગ કચેરીઓને વહીવટી સરળતા અને સંકલનના હેતુ માટે જે તે જિલ્લાના પ્રાયોજના વહીવટદારશ્રીના નિયંત્રણ હેઠળ મૂકવામાં આવે છે. જેથી, વહીવટી પ્રક્રિયા/ યોજનાકીય કામગીરીના અમલીકરણ, સુપરવિઝન, મોનિટરિંગ અને રિપોર્ટિંગની કામગીરી યોગ્ય રીતે થઈ શકે. આ પુન:ગઠનથી જુદી–જુદી કચેરીઓ વચ્ચે વધારે સારી રીતે સંકલન થશે અને વહીવટી સરળતા થશે. કચેરીઓના પુન:ગઠન સાથે જુદા જુદા સંવર્ગની જગ્યાઓની પુન:ફાળવણી તેમજ જુદા–જુદા સંવર્ગોની જગ્યાઓની કામગીરીની ફાળવણી કરી જરૂરિયાત પ્રમાણે જગ્યાના નામાભિધાન બદલી /જગ્યાને સ્થળફેર કરવાનું પણ નક્કી કરવામાં આવે છે.

ઉપર મુજબની વ્યવસ્થા અમલી બનાવવા નીચે મુજબના નિર્ણયો કરવામાં આવે છે.

**૧. માળખાકિય પુન:ગઠન અને રીપોર્ટિંગ**

(૧) આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની કમિશનરશ્રી(આ.વિ)ની કચેરી તથા જિલ્લા કચેરીઓનું માળખુ આ સાથે સામેલ એનેક્ષર–૧ મુજબ રહેશે. જેમાં દર્શાવેલ ચેનલ ઓફ સબમીશન મુજબ દરેક કચેરી કમિશનરશ્રી(આ.વિ)ને રીપોર્ટિંગ કરશે.

(૨) જિલ્લાની પ્રાયોજના વહીવટદારશ્રીઓની કચેરીનું માળખુ આ સાથે સામેલ **એનેક્ષર-૨A** , **એનેક્ષર- ૨B** મુજબ રહેશે. જેમાં દર્શાવેલ ચેનલ ઓફ સબમીશન મુજબ વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ અધિકારીશ્રીઓ સંબંધિત પ્રાયોજના વહીવટદારશ્રીને રીપોર્ટિંગ કરશે.

(૩) મદદનીશ કમિશનર(તકેદારી) અમદાવાદ, રાજકોટ, વડોદરા તથા ભાવનગરની કચેરીઓનું માળખુ આ સાથે સામેલ **એનેક્ષર-૩** મુજબ રહેશે. જેમાં દર્શાવેલ ચેનલ ઓફ સબમીશન મુજબ (૧) પ્રાયોજના અધિકારીની કચેરી, તાલાલા, જિ.ગીર સોમનાથ (૨) આદિજાતિ વિકાસ અધિકારીની કચેરી ભુજ, કચ્છ અને (૩) આદિજાતિ વિકાસ અધિકારી (આદિમજુથ)ની કચેરી, બગોદરા, અમદાવાદએ સંબંધિત મદદનીશ કમિશનર(તકેદારી)ને રીપોર્ટિંગ કરશે.

(૪) ક્ષેત્રિય કચેરીઓ જેવી કે મદદનીશ કમિશનરશ્રી(આ.વિ.)ની કચેરીઓ અને આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરીઓ કે જે અગાઉ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસને રિપોર્ટિંગ કરતી હતી તે કચેરીઓને મોનીટરીંગ, સુપરવિઝન અને રીપોર્ટિંગના હેતુ માટે સંબંધિત પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરી હેઠળ મૂકવામાં આવે છે. હવેથી આ અધિકારીઓ સંબંધિત પ્રાયોજના વહીવટદાશ્રીને રીપોર્ટિંગ કરશે.

## ૨. સુપરવિઝન/ મોનિટરીંગ

**ઉપર દર્શાવેલ માળખાકીય પુન:ગઠનને ધ્યાને લઈ, જિલ્લા/ક્ષેત્રિય કચેરીઓએ નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.**

(૨.૧) હાલમાં જિલ્લા કક્ષાએ મદદનીશ કમિશનર, આદિજાતિ વિકાસ, વર્ગ-૧ /આદિજાતિ વિકાસ અધિકારી (આશ્રમશાળા) વર્ગ-૨ મારફત આશ્રમશાળાઓ તથા આદર્શ નિવાસી શાળાઓની યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે.

નવા વહીવટી માળખા મુજબ, જે-તે જિલ્લાના પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી હસ્તકના મદદનીશ કમિશનર (શિક્ષણ) મારફત આશ્રમશાળાઓ તથા આદર્શ નિવાસી શાળાઓની યોજનાઓનું અમલીકરણ કરવાનું રહેશે.

પાટણ અને મહેસાણા જિલ્લા હસ્તકની આશ્રમશાળાઓ તથા આદર્શ નિવાસી શાળાઓની યોજનાઓનું અમલીકરણ પ્રાયોજના વહીવટદારશ્રી, બનાસકાંઠા દ્વારા કરવાનું રહેશે.

(૨.૨) અમદાવાદ, ગાંધીનગર, આણંદ અને ખેડા જિલ્લા હસ્તકની આશ્રમશાળાઓ તથા આદર્શ નિવાસી શાળાઓની યોજનાઓનું અમલીકરણ મદદનીશ કમિશ્નર (તકેદારી), અમદાવાદ દ્વારા કરવાનું રહેશે.

રાજકોટ, મોરબી, જામનગર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ અને કચ્છ જિલ્લા હસ્તકની આશ્રમશાળાઓ તથા આદર્શ નિવાસી શાળાઓની યોજનાનું અમલીકરણ મદદનીશ કમિશ્નર (તકેદારી), રાજકોટ દ્વારા કરવાનું રહેશે.

ભાવનગર, સુરેન્દ્રનગર, બોટાદ અને અમરેલી જિલ્લા હસ્તકની આશ્રમશાળાઓ તથા આદર્શ નિવાસી શાળાઓની યોજનાનું અમલીકરણ મદદનીશ કમિશ્નર (તકેદારી), ભાવનગર દ્વારા કરવાનું રહેશે.

વડોદરા જિલ્લા હસ્તકની આશ્રમશાળાઓ તથા આદર્શ નિવાસી શાળાઓની યોજનાનું અમલીકરણ મદદનીશ કમિશ્નર (તકેદારી), વડોદરા દ્વારા કરવાનું રહેશે.

(૨.૩) જિલ્લા કક્ષાએ મદદનિશ કમિશનર (તકેદારી) દ્વારા શિષ્યવૃત્તિ અને તેને સંલગ્ન યોજનાઓ, સરકારી છાત્રાલયો, ગ્રાન્ટ ઈન એઈડ (GIA) છાત્રાલયો, વ્યક્તિગત આવાસ યોજના વગેરે એમ વિવિધ યોજનાઓના અમલીકરણ અંગેની વ્યવસ્થા યથાવત રહેશે. મદદનીશ કમિશનરશ્રી દ્વારા અમલીકરણ કરવામાં આવતી તમામ યોજનાનું મોનિટરીંગ જે તે પ્રાયોજના વહીવટદારશ્રીએ કરવાનું રહેશે.

(૨.૪) આદિજાતિ વિકાસ અધિકારીની કચેરી ભુજ, કચ્છ અને પ્રાયોજના અધિકારી (આદિમજુથ)ની કચેરી, તલાલા-ગીર સોમનાથને મદદનીશ કમિશનર, આદિજાતિ વિકાસની કચેરી, રાજકોટના નિયંત્રણ હેઠળ તેમજ આદિજાતિ વિકાસ અધિકારી (આદિમજુથ) બગોદરા, જિ.અમદાવાદને મદદનીશ કમિશનર, આદિજાતિ વિકાસની કચેરી, અમદાવાદના નિયંત્રણ હેઠળ મુકવામાં આવે છે.

## 3. કચેરીના વડા અને ઉપાડ અને વહેંચણી અધિકારી

**(૩.૧)** સરકારશ્રીના વખતો વખતના ઠરાવોથી પ્રાયોજના વહીવટદારશ્રીઓને ખાતાના વડા જાહેર કરવામાં આવેલ છે.

પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીઓમાં નાણાકીય સત્તા સોંપણી નિયમો, ૧૯૯૮ ના નિયમ ૧૦ (૧) અને (૨) ની જોગવાઈ મુજબ વિભાગને મળેલ સત્તાને ધ્યાને રાખી, જિલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રીઓની કચેરીઓ માટે મદદનીશ કમિશનર (શિક્ષણ)ને કચેરીના વડા જાહેર કરવામાં આવે છે.

હાલમાં પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી તથા મદદનીશ કમિશનરશ્રી(તકેદારી) ની કચેરી નું વડુ મથક અલગ અલગ છે તેવા જિલ્લાઓ (સાબરકાંઠા, અરવલ્લી, સુરત, નવસારી, તાપી)માં મદદનીશ કમિશનર(તકેદારી)ને મદદનીશ કમિશનરશ્રી(આ.વિ)ની કચેરી માટે જિલ્લા કક્ષાએ કચેરીના વડા જાહેર કરેલ છે. જેથી આ જિલ્લાઓ માટે જ મદદનીશ કમિશનર, (તકેદારી) ને કચેરીના વડા તરીકેની સત્તાઓ યથાવત રાખવામાં આવે છે. એક જ કચેરી અથવા મહેકમની બાબતમાં એક કરતા વધુ કચેરીના વડા રહેશે નહી.

**(૩.૨)** નવા વહીવટી માળખાને ધ્યાને રાખી, ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓની સત્તાઓ બાબતે અલગથી સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવશે.

સદરહુ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૯/૦૪/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જેક્સન હેગન)

સેક્શન અધિકારી


આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :**

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (બજેટ/સેવા), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- કાર્યપાલક નિયામકશ્રી,ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી (કમિશનરશ્રી(આ.વિ) મારફત)
- સર્વે મદદનીશ કમિશનરશ્રી (કમિશનરશ્રી(આ.વિ) મારફત)
- સર્વે આદિજાતિ વિકાસ અધિકારી(આશ્રમશાળા) (કમિશનરશ્રી(આ.વિ) મારફત)
- આદિજાતિ વિકાસ અધિકારી , બગોદરા/ આહવા-ડાંગ / ભૂજ-કચ્છ (કમિશનરશ્રી(આ.વિ) મારફત)
- સર્વે સેક્શન અધિકારીશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ


એનેક્ષર-૧



કમિશનર, આદિજાતિ વિકાસ
પ્રાયોજના વહીવટદારશ્રી
(છોટા ઉદેપુર, દાહોદ, નર્મદા, સુરત, તાપી, વલસાડ, અરવલ્લી, બનાસકાંઠા, ભરુચ, ડાંગ, મહીસાગર, નવસારી, પંચમહાલ, સાબરકાંઠા)
મદદનીશ કમિશનર (તકેદારી)
(અમદાવાદ, રાજકોટ, વડોદરા, ભાવનગર)
વિભાગીય વિશ્લેષણ સમિતિ
વિજિલન્સ સેલ


એનેક્ષર-૨A

# છોટા ઉદેપુર, દાહોદ, નર્મદા, સુરત, તાપી, વલસાડ જીલ્લાનુ વહીવટી માળખું




એનેક્ષર-૨B

# અરવલ્લી,બનાસકાંઠા, ભરૂચ, ડાંગ, મહીસાગર, નવસારી, પંચમહાલ, સાબરકાંઠા જીલ્લાનુ વહીવટી માળખું



એનેક્ષર-3


કમિશનર, આદિજાતિ વિકાસ
મદદનીશ કમિશનર (તકેદારી) (અમદાવાદ)
મદદનીશ કમિશનર (તકેદારી) (રાજકોટ)
મદદનીશ કમિશનર (તકેદારી) વડોદરા
મદદનીશ કમિશનર (તકેદારી) ભાવનગર
આદિજાતિ વિકાસ અધિકારી (બગોદરા)
આદિજાતિ વિકાસ અધિકારી (ભુજ-કચ્છ)
આદિજાતિ વિકાસ અધિકારી(તાલાલા)